<u>અગત્યનું:-</u>
ક્રમાંક/ઈજર/વશટ/૯૬/૨૦૦૦/ ૫૭૮૦-૫૧ ૬૦૨૧

નોધણી સર નિરીક્ષક કચેરી
ગુજરાત રાજય, ગાંધીનગર.
સ્ટેમ્પ અને નોંધણી ભવન,
સેકટર-૧૩ સી "ખ" રોડ
ગાંધીનગર.તા.૨/૪/૨૦૦૭

સંદર્ભ:(૧) સરકારશ્રીના મહેસુલ વિભાગના જાહેરનામા
ક્રમાંક:જીએમ ૮૭/૧૩૮/મ-આરજીએન/૧૦૮૬/૩૮૧/હ.૧
તા.૦૩/૦૮/૧૯૮૭
(૨)સરકારશ્રીના મહેસુલ વિભાગના જાહેરનામા ક્રમાંક/જીએચએમ/૨૦૦૭
/૧૮/એમ/એસટીપી/૧૦૨૦૦૦/૬૬૩/એચ-૧તા.૩૦/૩/૨૦૦૭

<u>પરિપત્ર</u>

રાજય સરકારે મહેસુલ વિભાગના તા.૩/૮/૧૯૮૭ ના સંદર્ભ (૧) વાળા જાહેરનામા અન્વયે દસ્તાવેજોની નોધણી માટેના ફી ના દરોનું કોષ્ટક ઠરાવેલ છે.સદર ફી ના કોષ્ટકના આર્ટિકલ :૧ ના ખંડ ૪(ક)માં અવેજની રકમ તેમજ મિલકતની રકમ અથવા કિંમત આધારીત દસ્તાવેજો સબંધી રજિસ્ટ્રેશન ફી ના દરો ઠરાવેલ છે.સદર ખંડ ૪ (ક) ના પ્રવર્તમાન તબકકા આધારિત દરોને બદલે પ્રત્યેક રૂા.૧૦૦ કે તેના ભાગ દીઠ રૂા.૧-૦૦ નો દર મહેસુલ વિભાગના સંદર્ભ-૨ વાળા તા.૩૦ /૩ /૨૦૦૭ જાહેરનામા(નકલ સામેલ છે.)અન્વયે ઠરાવવામાં આવેલ છે. સબબ તા.૧/૪/૨૦૦૭ કે તે પછી નોંધણી અર્થે રજુ થતા દસ્તાવેજો સંબંધમાં સુધારેલ દર પ્રમાણે નોધણી ફી વસુલ કરવાની રહેશે. જેની તમામ નોંધણી અમલદારશ્રીઓએ નોંધ લેવા આથી જણાવવામાં આવે છે.

સદરહુ પરીપત્રની પહોચ તાત્કાલિક મોકલી આપવા આથી જણાવવામાં આવે છે.

બિડાણ:ઉપર મુજબ

(સહી) વી.વાય.વ્યાસ
નોધણીસર નિરક્ષક,
ગુજરાત રાજય, ગાંધીનગર.

પ્રતિ,
(૧)સબ રજીસ્ટ્રારશ્રી,તમામ..........મારફત (નોંધણી નિરીક્ષકશ્રી,............)
(૨) નોધણી નિરીક્ષકશ્રી,તમામ..................
નકલ સવિનય રવાના જાણસારૂ.
(૧) નાયબ સચિવશ્રી, મહેસુલ વિભાગ હ-૧ શાખા, સચિવાલય, ગાંધીનગર.
નકલ રવાના જાણસારૂ.
(૨) જિલ્લા રજીસ્ટ્રાર વ કલેકટરશ્રી તમામ......
(૩) નાયબ કલકેટરશ્રી, સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન તંત્ર,તમામ. [P.T.O.]
(૪) અધિક સુપ્રિ.ઓફ સ્ટેમ્પશ્રી, ગુ.રા.ગાંધીનગર
(૫) મદદનીશ નોધણીસર નિરીક્ષકશ્રી, મહેકમ,તપાસણી,એ.જી.ફોટો.ગુ.રા.ગાંધીનગર.
(૬) કચેરીની તમામ શાખાઓ તરફ
(૭) સીલેકટ ફાઈલે.

રવાના કર્યું

મદદનીશ નોંધણી સર નિરીક્ષક
ગુજરાત રાજય, ગાંધીનગર.